Extra No. 41

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **SATURDAY, JANUARY 17, 2026 / PAUSHA 27, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના સરકારી *જાહેરનામાં ક્રમાંક (૧) જીએચએન-૮૧-જીએસટી-૨૦૨૨/એસ.૧૬૪(૮૨)ઠ, તા.૧૬મી ડિસેમ્બર, ૨૦૨૨, (૨) જીએચએન-૮૫-જીએસટી-૨૦૨૨/ એસ.૯ (૩)(૧૮)-ઠ, તા.૩૧મી ડિસેમ્બર, ૨૦૨૨, (૩) જીએચએન-૮૭-જીએસટી-૨૦૨૨/એસ.૧૧(૧)(૬૯)-ઠ, તા.૩૧મી ડિસેમ્બર, ૨૦૨૨, (૪) (જીએચએન-૧૨) જીએસટી-૨૦૨૩/એસ.૯(૩)(૧૯) જીએસટી, તા.૧લી માર્ચ, ૨૦૨૩, (૫) (જીએચએન-૧૪) જીએસટી-૨૦૨૩/ એસ.૧૧ (૧)(૭૧) જીએસટી, તા.૧લી માર્ચ, ૨૦૨૩, (૬) (જીએચએન-૨૮) જીએસટી-૨૦૨૩/એસ.૧૬૪(૮૪)જીએસટી સેલ, તા.૨૦મી એપ્રિલ, ૨૦૨૩, (૭) (જીએચએન-૩૦) જીએસટી-૨૦૨૩/એસ.૧૨૮(૩૯)જીએસટીસેલ, તા.૨૦મી એપ્રિલ, ૨૦૨૩, (૮) (જીએચએન-૩૨) જીએસટી-૨૦૨૩/એસ.૧૪૮(૪૦) જીએસટી સેલ, તા.૨૦મી એપ્રિલ, ૨૦૨૩, (૯) (જીએચએન-૩૫) જીએસટી-૨૦૨૩/ એસ.૯ (૧)(૫૨) જીએસટી સેલ, તા.૯મી મે, ૨૦૨૩ (૧૦) (જીએચએન-૪૩) જીએસટી-૨૦૨૩/એસ.૧૪૮(૪૨) જીએસટી સેલ, તા.૨૭મી જુલાઈ, ૨૦૨૩, (૧૧) (જીએચએન-૪૫) જીએસટી-૨૦૨૩/ એસ.૧૨૮(૪૦) જીએસટી સેલ, તા.૨૭મી જુલાઈ, ૨૦૨૩, (૧૨) (જીએચએન-૪૭) જીએસટી-૨૦૨૩/એસ.૧૨૮(૪૨) જીએસટી સેલ, તા.૨૭મી જુલાઈ, ૨૦૨૩, (૧૩) (જીએચએન-૪૯) જીએસટી-૨૦૨૩/એસ.૯(૧)(૫૪)જીએસટી સેલ, તા.૨૭મી જુલાઈ, ૨૦૨૩, (૧૪) (જીએચએન-૫૧) જીએસટી-૨૦૨૩/ એસ.૧૧(૧)(૭૨) જીએસટી સેલ, તા.૨૭મી જુલાઈ, ૨૦૨૩, (૧૫) (જીએચએન-૫૮)જીએસટી-૨૦૨૩/એસ.૨૩(૮)જીએસટી સેલ, તા.૨૪મી ઓગસ્ટ, ૨૦૨૩ અને (૧૬) (જીએચએન-૬૧) જીએસટી-૨૦૨૩/ એસ.૧૪૮(૪૫) જીએસટી સેલ, તા૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Goods and Services Tax Act, 2017

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ડિસેમ્બર, ૨૦૨૨

જાહેરનામું ક્રમાંકઃ ૨૪/૨૦૨૨-રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક. જીએચએન-૮૧-જીએસટી-૨૦૨૨/એસ.૧૬૪(૮૨)ઠઃ- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૧૬૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત માલ અને સેવા વેરા નિયમો,૨૦૧૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ:

(૧) આ નિયમો ગુજરાત માલ અને સેવા વેરા(ચોથા સુધારા) નિયમો, ૨૦૨૨ કહેવાશે.

(૨) તે સન ૨૦૨૨ના ડિસેમ્બર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવ્યા હોવાનું ગણાશે.

૨. ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭માં,-

(ક) નિયમ ૧૨૨ કમી કરવો;

(ખ) નિયમો ૧૨૪ અને ૧૨૫ કમી કરવા;

(ગ) નિયમ ૧૨૭માં,-

(૧) હાંસિયાના શીર્ષકમાં, "સત્તામંડળની ફરજો" એ શબ્દોને બદલે, "સત્તામંડળના કાર્યો" એ શબ્દો મૂકવા;

(૨) "સત્તામંડળની નીચે જણાવ્યા મુજબની ફરજો રહેશે" એ શબ્દોને બદલે, "સત્તામંડળ નીચે જણાવ્યા મુજબના કાર્યો કરશે" એ શબ્દો મૂકવા;

(ઘ) નિયમ ૧૩૪ કમી કરવો;

(ચ) નિયમ ૧૩૭ કમી કરવો;

(છ) નિયમ ૧૩૭ પછી, સ્પષ્ટીકરણમાં, ખંડ (ક)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

'(ક) "સત્તામંડળ" એટલે અધિનિયમની કલમ ૧૭૧ની પેટા-કલમ (૨) હેઠળ જાહેર કરેલું સત્તામંડળ;'.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-33)/ GST-2017/S.9 (3)(1)-TH, Dated the 30th June, 2017, Notification No.4/2017-State Tax (Rate)

ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખઃ ૩૦મી જૂન, ૨૦૧૭નું જાહેરનામું

ક્રમાંકઃ (જીએચએન-૩૩)/ જીએસટી-૨૦૧૭/એસ.૯ (૩)(૧)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૪/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨) સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૨

જાહેરનામું ક્રમાંકઃ ૧૪/૨૦૨૨-રાજ્ય વેરો (૬૨)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃ જીએચએન-૮૫-જીએસટી-૨૦૨૨/ એસ.૯ (૩)(૧૮)-ઠઃ- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૯ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોના

આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખઃ ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૩૩) જીએસટી-૨૦૧૭/એસ.૯(૩)(૧)-ઠ, જાહેરનામા ક્રમાંક. ૪/૨૦૧૭-રાજ્ય વેરો (દર)માં, નીચેના વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં, કોષ્ટકમાં, અનુક્રમાંક ૩૬ અને તેને લગતી નોંધોને બદલે, નીચેની નોંધો મૂકવી:-

"૩૬	૩૩૦૧ ૨૪ ૦૦, ૩૩૦૧ ૨૫ ૧૦, ૩૩૦૧ ૨૫ ૨૦, ૩૩૦૧ ૨૫ ૩૦, ૩૩૦૧ ૨૫ ૪૦, ૩૩૦૧ ૨૫ ૯૦	ખાટા ફળોના તેલ સિવાયના નીચેના તીવ્ર ગંધવાળા તેલ:- ક. ફુદીના (પીપરમિન્ટ) (મેન્થા પીપેરીટા)નું; ખ. અન્ય ફુદીનાનું: સ્પીઅર્મિન્ટ ઓઈલ (એક્ષ- મેન્થા સ્પાઈકાટા), વૉટરમિન્ટ ઓઈલ (એક્ષ-મેન્થા એક્વેટિક), હોર્સમિન્ટ ઓઈલ (એક્ષ-મેન્થા સિલ્વેસ્ટ્રીઝ), બર્ગમેન્ટ ઓઈલ (એક્ષ-મેન્થા સાઈટ્રેટ), મેન્થા અર્વેન્સીસ	રજિસ્ટર ન થયેલી કોઈપણ વ્યક્તિ	કોઈપણ રજિસ્ટર્ડ વ્યક્તિ.";

૨. આ જાહેરનામું સન ૨૦૨૩ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખથી અમલમાં આવ્યું હોવાનું ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુવરાજસિંહ જાડેજા,

સેક્શન અધિકારી.

NOTIFICATION

Regarding

Amendment to the Notification of the Government of Gujarat,

Finance Department, No. (GHN-41) GST-2017/S.11 (1) (7)-TH, dated the 30th June, 2017, Notification No. 12/2017-State Tax (Rate)

ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭નું સરકારી જાહેરનામું ક્રમાંક (જીએચએન-૪૧)જીએસટી-૨૦૧૭/એસ.૧૧ (૧) (૭)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૧૨/૨૦૧૭-રાજ્ય વેરો (દર) સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૨

જાહેરનામું ક્રમાંકઃ ૧૫/૨૦૨૨-રાજ્ય વેરો (દર)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક. જીએચએન-૮૭-જીએસટી-૨૦૨૨/એસ.૧૧(૧)(૬૯)-ઠ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૯ની પેટા-કલમો (૩) અને (૪), કલમ ૧૧ની પેટા-કલમો (૧) અને (૩), કલમ ૧૫-ની પેટા-કલમ (૫) અને કલમ ૧૪૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, એમ કરવું જાહેર હિતમાં જરૂરી છે એવી ખાતરી થયેથી, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક. (જીએચએન-૪૧) જીએસટી-૨૦૧૭/એસ.૧૧(૧)(૭)-ઠ, જાહેરનામા ક્રમાંક. ૧૨/૨૦૧૭-રાજ્ય વેરો (દર)-માં નીચે પ્રમાણેના વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં,-

(૧) અનુક્રમાંક ૧૨-ની સામે, કોલમ (૩)માંની નોંધ પછી, નીચેનું સ્પષ્ટીકરણ દાખલ કરવું:-

''સ્પષ્ટીકરણ.- આ નોંધ હેઠળ મુક્તિ (મેળવવા)ના હેતુ માટે,-

૧. રજિસ્ટર થયેલી વ્યક્તિ, માલિકીની પેઢીનો માલિક હોય અને તેના પોતાના નિવાસ તરીકેના ઉપયોગ માટે તેની વ્યક્તિગત હેસિયતથી રહેણાકનું મકાન ભાડે આપતી હોય; અને

૨. તેની પોતાની જવાબદારીએ અને માલિકીની પેઢી તરીકે નહિ તેવી રીતે મકાન ભાડે આપતી હોય,

- ત્યારે રજિસ્ટર થયેલી વ્યક્તિને રહેણાકનું મકાન ભાડે આપીને પૂરી પાડવામાં આવતી સેવાઓ, આ નોંધમાં આવરી લેવામાં આવશે'';

(૨) અનુક્રમાંક. ૨૩ક અને તેને લગતી નોંધો કમી કરવી.

૨. આ જાહેરનામું સન ૨૦૨૩ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુવરાજસિંહ જાડેજા,

સેક્શન અધિકારી.

NOTIFICATION

Regarding

Amendment to the Notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-34) GST-2017/S.9(3)(2)-TH, Dated the 30th June, 2017, Notification No. 13/2017-State Tax (Rate)

ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખઃ ૩૦મી જૂન, ૨૦૧૭ નું જાહેરનામું

ક્રમાંક: (જીએચએન-૩૪) જીએસટી-૨૦૧૭/એસ.૯(૩)(૨)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૧૩/૨૦૧૭-રાજ્ય વેરો (દર). સુધારવા સંબંધી જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી માર્ચ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંકઃ ૦૨/૨૦૨૩-રાજ્ય વેરો (દર)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૧૨) જીએસટી-૨૦૨૩/એસ.૯(૩)(૧૯)જીએસટી:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૯ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૩૪) જીએસટી-૨૦૧૭/એસ.૯(૩)(૨)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૧૩/૨૦૧૭-રાજ્ય વેરો(દર)-માં, નીચેના વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં, સ્પષ્ટીકરણમાં, ખંડ (ઝ)માં, "અને રાજ્ય વિધાનમંડળોને" એ શબ્દોને બદલે, "રાજ્ય વિધાનમંડળો, કોર્ટ અને ટ્રિબ્યુનલોને" એ શબ્દો મૂકવા.

૨. આ જાહેરનામું સન ૨૦૨૩ના માર્ચ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુવરાજસિંહ જાડેજા,

સરકારના ઉપસચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-41)/ GST-2017/S.11 (1)(7)-TH, Dated the 30th June, 2017, Notification No.12/2017-State Tax (Rate).

ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખઃ ૩૦મી જૂન, ૨૦૧૭નું જાહેરનામું

ક્રમાંક: (જીએચએન-૪૧)/ જીએસટી-૨૦૧૭/એસ.૧૧ (૧)(૭)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૧૨/૨૦૧૭-રાજ્ય વેરો (દર) સુધારવા સંબંધી જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી માર્ચ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંકઃ ૦૧/૨૦૨૩-રાજ્ય વેરો (દર)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૧૪) જીએસટી-૨૦૨૩/ એસ.૧૧ (૧)(૭૧) જીએસટી:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૯ની પેટા-કલમો (૩) અને (૪), કલમ ૧૧ની પેટા-કલમ (૧), કલમ ૧૫ની પેટા-કલમ (૫) અને

કલમ ૧૪૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, જાહેર હિતમાં એમ કરવું જરૂરી છે તેવી ખાતરી થયેથી, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોના આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખઃ ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૪૧)/જીએસટી-૨૦૧૭/એસ.૧૧ (૧)(૭)-ઠ, જાહેરનામા ક્રમાંક. ૧૨/૨૦૧૭-રાજ્ય વેરો (દ૨)માં, નીચેના વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં, પરિચ્છેદ ૩માં, સ્પષ્ટીકરણમાં, ખંડ (૪) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(૪ક) શંકાના નિવારણ માટે, તે બાબત સ્પષ્ટ કરવામાં આવે છે કે શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષા યોજવા માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી સહિત કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા સ્થાપવામાં આવેલા કોઈપણ સત્તામંડળ, બોર્ડ અથવા મંડળને, શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષા યોજીને સેવાઓ પૂરી પાડવાના મર્યાદિત હેતુ માટે 'શૈક્ષણિક સંસ્થા' તરીકે ગણવી જોઈશે.".

૨. આ જાહેરનામું સન ૨૦૨૩ના માર્ચ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવ્યું હોવાનું ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુવરાજસિંહ જાડેજા,

સરકારના ઉપસચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Gujarat Goods and Services Tax Rules, 2017

ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી એપ્રિલ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંકઃ ૪/૨૦૨૩-રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક. (જીએચએન-૨૮)જીએસટી-૨૦૨૩/એસ.૧૬૪(૮૪)જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૧૬૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.-

(૧) આ નિયમો ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) નિયમો, ૨૦૨૩ કહેવાશે.

(૨) તે સન ૨૦૨૨-ના ડિસેમ્બર મહિનાની ૨૬મી તારીખથી અમલમાં આવ્યા હોવાનું ગણાશે.

૨. ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭માં, નિયમ ૮માં, પેટા-નિયમ (૪ક)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

''(૪ક) કલમ ૨૫-ની પેટા-કલમ (૬ઘ) હેઠળ જાહેર કરેલી હોય તે વ્યક્તિ સિવાયના અરજદાર, આધાર નંબરના પ્રમાણીકરણ માટેનો વિકલ્પ પસંદ કરે, ત્યારે તેણે પેટા-કલમ (૪) હેઠળ અરજી રજૂ કરતી વખતે, આધાર નંબરનું પ્રમાણીકરણ કરાવવું જોઈશે અને આવા કિસ્સામાં, અરજી રજૂ કર્યાની તારીખ, આધાર નંબરના પ્રમાણીકરણની તારીખ અથવા પેટા-નિયમ (૪) હેઠળ નમૂના જીએસટી આરઈજી-૦૧ના ભાગ ખ-માં અરજી રજૂ કર્યાના પંદર દિવસો- એ બંનેમાંથી જે વહેલું હોય તે (તારીખ) ગણવી જોઈશે;

પરંતુ આધાર નંબરના પ્રમાણીકરણનો વિકલ્પ પસંદ કર્યો હોય અને ડેટા વિશ્લેષણ અને જોખમના માપદંડોના આધારે સામાન્ય પોર્ટલ પર જેની ઓળખ કરવામાં આવી હોય તેવી કલમ ૨૫-ની પેટા-કલમ (૬ઘ) હેઠળ જાહેર કરેલી હોય તે વ્યક્તિ સિવાયની વ્યક્તિ દ્વારા પેટા-નિયમ (૪) હેઠળ કરવામાં આવેલી દરેક અરજી પછી, અરજદાર કોઈ એક વ્યક્તિ હોય, ત્યારે તે વ્યક્તિનું અથવા અરજદાર કોઈ એક વ્યક્તિ ન હોય, ત્યારે કલમ ૨૫-ની પેટા-કલમ (૬ગ) હેઠળ જાહેર કર્યા પ્રમાણેના અરજદારના સંબંધમાં તેવી વ્યક્તિઓનું બાયોમેટ્રિક-આધારિત આધાર પ્રમાણીકરણ કરવું જોઈશે અને તેવી વ્યક્તિઓના ફોટોગ્રાફ લેવા જોઈશે તેમજ આ પેટા-નિયમના હેતુ માટે, કમિશનર દ્વારા જાહેર કરવામાં આવેલા સુવિધા કેન્દ્રોમાંથી કોઈ એક પર નમૂના જીએસટી આરઈજી-૦૧માં અરજી સાથે અપલોડ કરેલા દસ્તાવેજોની મૂળ નકલની ખરાઈ કરવી જોઈશે અને આ પરંતુક હેઠળ ઠરાવેલી પ્રક્રિયા પૂરી થયા પછી જ અરજી પૂર્ણ થઈ હોવાનું માનવામાં આવશે.''.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Goods and Services Tax Act, 2017

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી એપ્રિલ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંકઃ ૦૮/૨૦૨૩-રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક. (જીએચએન-૩૦)જીએસટી-૨૦૨૩/એસ.૧૨૮(૩૯)જીએસટીસેલઃ- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૧૨૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, નિયત તારીખ સુધીમાં નમૂના જીએસટીઆર-૧૦માં છેવટનું પત્રક રજૂ કરવામાં નિષ્ફળ રહે પરંતુ સન ૨૦૨૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી સન ૨૦૨૩ના જૂન મહિનાની ૩૦મી તારીખની વચ્ચેની મુદતમાં સદરહુ પત્રક રજૂ કરે તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિઓ માટે, અધિનિયમની કલમ ૪૭માં ઉલ્લેખેલી પાંચસો રૂપિયા કરતા વધારે હોય તેવી વિલંબ ફીની રકમ જતી કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Goods and Services Tax Act, 2017

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી એપ્રિલ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંકઃ ૦૩/૨૦૨૩-રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃ (જીએચએન-૩૨)જીએસટી-૨૦૨૩/એસ.૧૪૮(૪૦)જીએસટી સેલઃ- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૪૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, જાહેર કરે છે કે સદરહુ અધિનિયમની કલમ ૨૯ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ) અથવા ખંડ (ગ) હેઠળ સન ૨૦૨૨ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં જેનું રજિસ્ટ્રેશન રદ થયેલું હોય અને સદરહુ અધિનિયમની કલમ ૩૦માં નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદામાં જેણે તેવા રજિસ્ટર થયેલા વ્યક્તિઓના વર્ગ તરીકે તેવા રદ થયેલા રજિસ્ટ્રેશનને રદબાતલ કરવા માટેની અરજી કરવામાં ચૂક કરેલી હોય તેવી રજિસ્ટર થયેલા વ્યક્તિએ એવા રદ થયેલા રજિસ્ટ્રેશનને રદબાતલ કરવાના સંબંધમાં નીચેની વિશેષ કાર્યરીતિ અનુસરવી જોઈશે:-

(ક) રજિસ્ટર થયેલી વ્યક્તિ, સન ૨૦૨૩ના જૂન મહિનાની ૩૦મી તારીખ સુધીમાં એવા રદ થયેલા રજિસ્ટ્રેશનને રદબાતલ કરવા માટે અરજી કરી શકશે;

(ખ) રદબાતલ કરવા માટેની અરજી, રજિસ્ટ્રેશન રદ થયાની તારીખ સુધી બાકી હોય તેવા પત્રકો રજૂ કર્યા પછી અને તેવા પત્રકોના સંબંધમાં વ્યાજ, દંડ અને વિલંબ ફી તરીકે ચૂકવવાપાત્ર કોઈ રકમ સહિત, તેવા પત્રકોના સંબંધમાં વેરા તરીકે બાકી કોઈ રકમની ચુકવણી કર્યા પછી જ કરી શકાશે;

(ગ) તેવા કેસોમાં રદ થયેલા રજિસ્ટ્રેશનને રદબાતલ કરવા માટેની અરજી કરવા માટેની સમયમર્યાદા વધુ લંબાવી શકાશે નહિ.

સ્પષ્ટીકરણ: આ જાહેરનામાના હેતુઓ માટે, સદરહુ અધિનિયમની કલમ ૩૦માં નિર્દિષ્ટ કરેલી સમય મર્યાદાની અંદર રદ થયેલા રજિસ્ટ્રેશનને રદબાતલ કરવા માટેની અરજી કરવામાં ચૂક થયેલી હોય તેવી વ્યક્તિમાં, રજિસ્ટ્રેશન રદ કર્યાના હુકમ અથવા સદરહુ અધિનિયમની કલમ ૧૦૭ હેઠળ રદ થયેલા રજિસ્ટ્રેશનને રદબાતલ કરવા માટેની અરજીનો અસ્વીકાર કરતા હુકમ સામેની જેની અપીલનો, સદરહુ અધિનિયમની કલમ ૩૦ની પેટા-કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદાને વળગી રહેવામાં ચૂક કર્યાના કારણસર અસ્વીકાર કરવામાં આવેલો હોય તેવા વ્યક્તિનો સમાવેશ થાય છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-32) GST-2017/S.9 (1)(2)-TH, Dated the 30th June, 2017, Notification No.11/2017-State Tax (Rate)

ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખઃ ૩૦મી જૂન, ૨૦૧૭નું જાહેરનામું

ક્રમાંક: (જીએચએન-૩૨) જીએસટી-૨૦૧૭/એસ.૯ (૧)(૨)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૧૧/૨૦૧૭-રાજ્ય વેરો (દર) સુધારવા સંબંધી જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી મે, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંકઃ ૦૫/૨૦૨૩-રાજ્ય વેરો (દર)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૩૫) જીએસટી-૨૦૨૩/ એસ.૯ (૧)(૫૨) જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૯ની પેટા-કલમો (૧), પેટા-કલમ (૩) અને પેટા-કલમ (૪), કલમ ૧૧ની પેટા-કલમ (૧), કલમ ૧૫ની પેટા-કલમ (૫), કલમ ૧૬ની પેટા-કલમ (૧) અને કલમ ૧૪૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, જાહેર હિતમાં એમ કરવું જરૂરી છે તેવી ખાતરી થયેથી, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોના આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખઃ ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૩૨) જીએસટી-૨૦૧૭/એસ.૯(૧)(૨)-ઠ, જાહેરનામા ક્રમાંક. ૧૧/૨૦૧૭-રાજ્ય વેરો (દર)માં, નીચેના વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં, કોષ્ટકમાં, અનુક્રમાંક ૯ની સામે, બાબત (૩)માં, પેટા-બાબત (ખ)માં, કોલમ (૫) હેઠળની નોંધોમાં, શરત (૨)માં, બીજા પરંતુક પછી, નીચેના પરંતુકો દાખલ કરવા:-

"વધુમાં, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટેના વિકલ્પનો, સન ૨૦૨૩ના મે મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં ઉપયોગ કરવો જોઈશે:

વળી, કોઈપણ નાણાકીય વર્ષ દરમિયાન નવો વ્યાપાર શરૂ કરે અથવા રજિસ્ટ્રેશન માટેની પ્રક્રિયા શરૂ કરે તેવી માલ પરિવહન એજન્સી (GTA), જીએસટી રજિસ્ટ્રેશન માટે અરજી કર્યાની તારીખથી પિસ્તાળીસ દિવસ અથવા રજિસ્ટ્રેશન મેળવ્યાની તારીખથી એક મહિનો પૂરો થાય એ બન્નેમાંથી જે મોડું હોય તે પહેલાં, એનેક્ષર ૫-માં એકરાર કરીને, તે નાણાકીય વર્ષ દરમિયાન તેણે પૂરી પાડેલી સેવાઓ પર જાતે જીએસટીની ચુકવણી કરવાના વિકલ્પનો ઉપયોગ કરી શકશે.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુવરાજસિંહ જાડેજા,

સરકારના ઉપસચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-32)GST-2023/S.148(40)GST Cell, Dated the 20th April, 2023, Notification No. 03/2023-State Tax

ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખ: ૨૦મી એપ્રિલ, ૨૦૨૩નું જાહેરનામું ક્રમાંક. (જીએચએન-૩૨)જીએસટી-૨૦૨૩/એસ.૧૪૮(૪૦)જીએસટી સેલ, જાહેરનામું ક્રમાંક. ૦૩/૨૦૨૩-રાજ્ય વેરો સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંકઃ ૨૩/૨૦૨૩-રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક. (જીએચએન-૪૩)જીએસટી-૨૦૨૩/એસ.૧૪૮(૪૨)જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા) (જેનો આમાં હવે પછી, ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૪૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૨૦મી એપ્રિલ, ૨૦૨૩ના જાહેરનામા ક્રમાંક. (જીએચએન-૩૨)જીએસટી-૨૦૨૩/એસ.૧૪૮(૪૦)જીએસટી સેલ, જાહેરનામા ક્રમાંક. ૦૩/૨૦૨૩-રાજ્ય વેરો-માં નીચેના વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં, ''સન ૨૦૨૩ના જૂન મહિનાની ૩૦મી તારીખ'' એ શબ્દો, અક્ષરો અને આંકડાને બદલે, ''સન ૨૦૨૩ના ઓગસ્ટ મહિનાની ૩૧મી તારીખ'' એ શબ્દો, અક્ષરો અને આંકડા મૂકવા.

૨. આ જાહેરનામું સન ૨૦૨૩ના જૂન મહિનાની ૩૦મી તારીખથી અમલમાં આવ્યું હોવાનું ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-141)/ GST-2017/S.128(4)-TH, Dated the 29th December, 2017, Notification No.73/2017-State Tax

ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખઃ ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૭નું જાહેરનામું

ક્રમાંક: (જીએચએન-૧૪૧)/ જીએસટી-૨૦૧૭/એસ.૧૨૮(૪)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૭૩/૨૦૧૭-રાજ્ય વેરો સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંકઃ ૨૨/૨૦૨૩-રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૪૫) જીએસટી-૨૦૨૩/ એસ.૧૨૮(૪૦) જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)(જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૨૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોના આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખઃ ૨૯મી ડિસેમબર, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૧૪૧)/ જીએસટી-૨૦૧૭/એસ.૧૨૮(૪)-ઠ, જાહેરનામા ક્રમાંક. ૭૩/૨૦૧૭-રાજ્ય વેરો-માં, નીચેના વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં, સાતમા પરંતુકમાં, "સન ૨૦૨૩ના જૂન મહિનાની ૩૦મી તારીખ" એ શબ્દોને બદલે, "સન ૨૦૨૩ના ઓગસ્ટ મહિનાની ૩૧મી તારીખ" એ શબ્દો, અક્ષર અને આંકડા મૂકવા.

૨. આ જાહેરનામું સન ૨૦૨૩ના જૂન મહિનાની ૩૦મી તારીખથી અમલમાં આવ્યું હોવાનું ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-30) GST-2023/S.128(39)GST Cell, Dated the 20th April, 2023, Notification No. 08/2023-State Tax

ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખ: ૨૦મી એપ્રિલ, ૨૦૨૩નું જાહેરનામું

ક્રમાંક: (જીએચએન-૩૦) જીએસટી-૨૦૨૩/એસ.૧૨૮(૩૯) જીએસટી સેલ, જાહેરનામું ક્રમાંક. ૦૮/૨૦૨૩-રાજ્ય વેરો. સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંક: ૨૬/૨૦૨૩-રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૪૭) જીએસટી-૨૦૨૩/એસ.૧૨૮(૪૨) જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૧૨૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૨૦મી એપ્રિલ, ૨૦૨૩ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૩૦) જીએસટી-૨૦૨૩/એસ.૧૨૮(૩૯) જીએસટી સેલ, જાહેરનામા ક્રમાંક. ૦૮/૨૦૨૩-રાજ્ય વેરો-માં, નીચેના વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં, "સન ૨૦૨૩ના જૂન મહિનાની ૩૦મી તારીખની" એ શબ્દો, અક્ષરો અને આંકડાને બદલે, "સન ૨૦૨૩ના ઓગસ્ટ મહિનાની ૩૧મી તારીખની" એ શબ્દો, અક્ષરો અને આંકડા મૂકવા.

૨. આ જાહેરનામું સન ૨૦૨૩ના જૂન મહિનાની ૩૦મી તારીખથી અમલમાં આવ્યું હોવાનું ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-31) GST-2017/S.9(1)(1)-TH, Dated the 30th June, 2017, Notification No. 01/2017-State Tax (Rate)

ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭નું જાહેરનામું ક્રમાંક. (જીએચએન-૩૧)જીએસટી-૨૦૧૭/એસ.૯(૧)(૧)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૦૧/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨) સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંક: ૦૯/૨૦૨૩-રાજ્ય વેરો (૬૨)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક. (જીએચએન-૪૯) જીએસટી-૨૦૨૩/એસ.૯(૧)(૫૪)જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૯ની પેટા-કલમ (૧) અને કલમ ૧૫-ની પેટા-કલમ (૫)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત

સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક. (જીએચએન-૩૧) જીએસટી-૨૦૧૭/એસ.૯(૧)(૧)-૬, જાહેરનામા ક્રમાંક. ૦૧/ ૨૦૧૭-રાજ્ય વેરો (દર૨)માં નીચેના વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં,-

ક. અનુસૂચિ ૧-૨.૫%માં,

(૧) અનુક્રમાંક ૯૯ક અને તેને લગતી નોંધો પછી, નીચેનો અનુક્રમાંક અને નોંધો દાખલ કરવી:-

(૧)	(૨)	(૩)
''૯૯ખ	૧૯૦૫	(બહાર કાઢવાની પ્રક્રિયા (process of extrusion) મારફત બનાવવામાં આવેલી, ગમે તે નામે ઓળખાતી હોય તેવી તળ્યા વગરની અથવા પકવ્યા વગરની નાસ્તાની ગોળીઓ'';

(૨) અનુક્રમાંક ૧૦૮ અને તેને લગતી નોંધો પછી, નીચેનો અનુક્રમાંક અને નોંધો દાખલ કરવી:-

(૧)	(૨)	(૩)
''૧૦૮ક	૨૩૦૯	મત્સ્ય દ્રાવ્ય પેસ્ટ (ફિશ સોલ્યુબલ પેસ્ટ)'';

(૩) અનુક્રમાંક ૧૫૬ક અને તેને લગતી નોંધો પછી, નીચેનો અનુક્રમાંક અને નોંધો દાખલ કરવી:-

(૧)	(૨)	(૩)
''૧૫૬ખ	૨૬૧૯	લિન્ઝ-ડોનાવિટ્ઝ (એલડી) સ્લેગ'';

(૪) અનુક્રમાંક ૨૧૮ક અને તેને લગતી નોંધો પછી, નીચેનો અનુક્રમાંક અને નોંધો દાખલ કરવી:-

(૧)	(૨)	(૩)
''૨૧૮કક	૫૬૦૫૦૦૨૦	વેપારની ભાષામાં કોઈપણ નામથી ઓળખાતાં ઈમિટેશન ઝરીના દોરા અથવા યાર્ન'';

ખ. અનુસૂચિ ૨-૬%માં, અનુક્રમાંક. ૧૩૭ની સામે, કોલમ (૩)-માંની નોંધને બદલે, ''દોરા, પટ્ટી અથવા પાઉડર સ્વરૂપે અથવા ધાતુ સાથે આચ્છાદિત હોય તેવા પટ્ટી અથવા શીર્ષક ૫૪૦૪ અથવા ૫૪૦૫ હેઠળની ચીજવસ્તુઓ જેવા, વળ ચઢાવેલા રેશમી તાર સાથે અથવા તેનાં વિના, ટેક્સટાઇલ યાર્ન હોય તેવા (૧) સાચી ઝરીનાં દોરા (સોના) અને ટેક્સટાઇલના દોરા સાથેના ચાંદીનાં તાર, (૨) વેપારની ભાષામાં કોઈપણ નામથી ઓળખાતાં ઈમિટેશન ઝરીના દોરા અથવા યાર્ન સિવાયના મેટલાઈઝડ યાર્ન'' એ નોંધ મૂકવી;

ગ. અનુસૂચિ ૩-૯%માં,

(૧) અનુક્રમાંક ૧૬ની સામે, કોલમ (૩)માં, ''શેકેલ બ્રેડ અને તેના જેવા શેકેલા ઉત્પાદનો'' એ શબ્દોને બદલે, ''શેકેલ બ્રેડ અને તેના જેવા શેકેલા ઉત્પાદનો, બહાર કાઢવાની પ્રક્રિયા (process of extrusion) મારફત બનાવવામાં આવેલી, ગમે તે નામે ઓળખાતી હોય તેવી તળ્યા વગરની/પકવ્યા વગરની નાસ્તાની ગોળીઓ'' એ શબ્દો મૂકવા;

(૨) અનુક્રમાંક ૨૮ની સામે, કોલમ (૩)-માંની નોંધને બદલે, ''લિન્ઝ-ડોનાવિટ્ઝ (એલડી) સ્લેગ સિવાયના આયર્ન અને સ્ટીલના ઉત્પાદન વખતે ખનિજમાંથી ધાતુ ગાળતાં નીકળતો કચરો, ગાળેલી ધાતુનો કીટો (ગ્રેન્યુલેટેડ સ્લેગ સિવાય), સ્કેલિંગ અને બીજો કચરો'' એ નોંધ મૂકવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,
સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Government Notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-41) GST-2017-S.11(1)(7)-TH, dated 30th June, 2017, Notification No. 12/2017-State Tax (Rate)

ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭નું જાહેરનામું

ક્રમાંક: (જીએચએન-૪૧) જીએસટી-૨૦૧૭/એસ. ૧૧(૧)(૭)-ઠ, જાહેરનામું ક્રમાંક: ૧૨/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨) સુધારવા સંબંધી જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઇ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંકઃ ૦૭/૨૦૨૩-રાજ્ય વેરો (૬૨)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૫૧) જીએસટી-૨૦૨૩/ એસ.૧૧(૧)(૭૨) જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૯ની પેટા-કલમો (૩) અને (૪), કલમ ૧૧ની પેટા-કલમ (૧), કલમ ૧૫-ની પેટા-કલમ (૫) અને કલમ ૧૪૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, જાહેર હિતમાં તેમ કરવું જરૂરી છે તેવી ખાતરી થયેથી, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૪૧) જીએસટી-૨૦૧૭/એસ.૧૧(૧)(૭)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૧૨/૨૦૧૭-રાજ્ય વેરા(૬૨)-માં, નીચેના વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં, કોષ્ટકમાં, અનુક્રમાંક ૧૯૭-ની સામે, કોલમ (૩)માંની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-

(૩)
“સેટેલાઇટ લોંચ સેવાઓ.”.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Goods and Services Tax Act, 2017

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ઓગસ્ટ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંકઃ ૩૪/૨૦૨૩-રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૫૮)જીએસટી-૨૦૨૩/એસ.૨૩(૮)જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા) (જેનો આમાં હવે પછી, સદરહુ અધિનિયમ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૩ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, સદરહુ અધિનિયમની કલમ ૫૨ હેઠળ મૂળ સ્થાને વેરાની વસૂલાત કરવા ફરમાવેલ હોય તેવી, ઇલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર મારફત માલનો પૂરવઠો પૂરી પાડતી વ્યક્તિઓને અને અગાઉના નાણાકીય વર્ષમાં અને ચાલુ નાણાકીય વર્ષમાં, એકંદર ટર્નઓવરની જે રકમ કરતાં વધારે રકમ પર સદરહુ અધિનિયમની કલમ ૨૨ની પેટા-કલમ (૧)ની જોગવાઇઓ અનુસાર પુરવઠાકાર રાજ્યમાં રજિસ્ટર થવાને જવાબદાર હોય તે એકંદર ટર્નઓવર કરતાં વધુ નહિ તેટલું એકંદર ટર્નઓવર ધરાવતી હોય તેવી વ્યક્તિઓને, નીચેની શરતોને અધીન રહીને, સદરહુ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન મેળવવામાંથી મુક્તિ આપેલા વ્યક્તિઓના વર્ગ તરીકે નિર્દિષ્ટ કરે છે:-

(૧) તેવી વ્યક્તિઓ માલના કોઇ આંતર-રાજ્ય પુરવઠા પૂરા પાડી શકશે નહિ;

(૨) તેવી વ્યક્તિઓ એક કરતાં વધુ રાજ્ય અથવા સંઘ રાજ્યક્ષેત્રમાં ઇલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર મારફત માલનો પુરવઠો પૂરો પાડી શકશે નહિ;

(૩) તેવી વ્યક્તિઓ પાસે આવક વેરા અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૧ના ૪૩મા) હેઠળ કાઢી આપેલો કાયમી ખાતા નંબર હોવો જોઇશે.

(૪) તેવી વ્યક્તિઓએ, ઇલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર મારફત માલનો કોઇ પુરવઠો પૂરો પાડતાં પહેલાં, આવક વેરા અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૧ના ૪૩મા) હેઠળ કાઢી આપેલો તેઓનો કાયમી ખાતા નંબર, તેઓના ધંધાના સ્થળનું સરનામું અને તેવો પુરવઠો જે રાજ્યમાં પૂરો પાડવા ઇચ્છતો હોય તે રાજ્ય, કોમન પોર્ટલ પર જાહેર કરવું જોઇશે, જે કોમન પોર્ટલ પર ખરાઇને અધીન રહેશે;

(૫) તેવી વ્યક્તિઓને, ખંડ (૪) મુજબ જાહેર કરેલા કાયમી ખાતા નંબરની સફળતાપૂર્વક ખરાઇ કર્યેથી કોમન પોર્ટલ પર નોંધણી નંબર આપવામાં આવશે;

(૬) તેવી વ્યક્તિઓને એક રાજ્યમાં એક કરતાં વધુ નોંધણી નંબર આપવા જોઇશે નહિ;

(૭) તેવી વ્યક્તિઓને કોમન પોર્ટલ પર નોંધણી નંબર આપવામાં આવ્યો હોય તે સિવાય તેવી વ્યક્તિઓએ ઇલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર મારફત માલનો કોઇ પુરવઠો પૂરો પાડવો જોઇશે નહિ; અને

(૮) તેવી વ્યક્તિઓને સદરહુ અધિનિયમની કલમ ૨૫ હેઠળ ત્યાર પછી રજિસ્ટ્રેશન કરી આપવામાં આવેલું હોય, ત્યારે રજિસ્ટ્રેશનના અમલની તારીખથી નોંધણી નંબર માન્ય હોવાનું બંધ થશે.

૨. આ જાહેરનામું સન ૨૦૨૩ના ઓક્ટોબર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Goods and Services Tax Act, 2017

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંકઃ ૩૦/૨૦૨૩-રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૬૧) જીએસટી-૨૦૨૩/ એસ.૧૪૮(૪૫) જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)(જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૪૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોના આધારે, આથી, આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૩)માંની તત્સમાન નોંધમાં જેનું વર્ણન નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે તે અને સદરહુ અનુસૂચિના કોલમ (૨)માંની તત્સમાન નોધમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ટેરિફ આઇટમ, પેટા-શીર્ષક , શીર્ષક અથવા યથાપ્રસંગ, પ્રકરણ હેઠળ આવતા માલના ઉત્પાદનમાં રોકાયેલી રજિસ્ટર થયેલી વ્યક્તિ દ્વારા અનુસરવાની નીચેની ખાસ કાર્યરીતિ જાહેર કરે છે:-

૧. પેકિંગ મશીનની વિગતો

(૧) આ જાહેરનામાની અનુસૂચિમાં દર્શાવેલ માલના ઉત્પાદનમાં રોકાયેલી તમામ વિદ્યમાન રજિસ્ટર થયેલી વ્યક્તિઓએ, આ જાહેરનામું બહાર પડ્યાના ૩૦ દિવસની અંદર, કોમન પોર્ટલ પર ઇલેકટ્રોનિક રીતે, નમૂના એસઆરએમ-૧-માં, પાઉચ અથવા કન્ટેનરોને ભરવા અને પેકિંગ કરવા માટે ઉપયોગમાં લેવાતા પેકિંગ મશીનોની વિગતો પૂરી પાડવી જોઇશે,-

નમૂનો એસઆરએમ-૧

અનુક્રમાંક	મશીનની બનાવટ અને મોડલ નંબર (ઉત્પાદકના નામ સહિત)	મશીનની ખરીદ તારીખ	(મશીન) જ્યાં સ્થાપિત કરેલ હોય તે ધંધાના સ્થળનું સરનામું	ટ્રેકની સંખ્યા	દરેક ટ્રેકની કુલ પેકિંગ ક્ષમતા	મશીનની કુલ પેકિંગ ક્ષમતા	દર કલાકે મશિન દ્વારા વપરાતી વીજળી	સહાયક દસ્તાવેજો	મશીનની યુનિક આઇડી (ઓટો પોપ્યુલેટેડ થશે)
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)	(૧૦)
								<<ચાર્ટડ એન્જિનિયર પાસેથી મેળવેલું ક્ષમતા પ્રમાણપત્ર (કેપેસીટી સર્ટીફિકેટ) >>	

(૨) આ જાહેરનામાની અનુસૂચિમાં જણાવેલ માલનું ઉત્પાદન કરવા માંગતી અને આ જાહેરનામું બહાર પડ્યા પછી જેનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હોય તેવી કોઈપણ વ્યક્તિએ, આવું રજિસ્ટ્રેશન કરી આપ્યાના પંદર દિવસોની અંદર, કોમન પોર્ટલ પર, નમૂના એસઆરએમ-૧-માં, પાઉચ અથવા કન્ટેનરોને ભરવા અને પેકિંગ કરવા માટે ઉપયોગમાં લેવાતા પેકિંગ મશીનોની વિગતો પૂરી પાડવી જોઈશે.

(૩) ધંધાના રજિસ્ટર થયેલ સ્થળમાં સ્થાપિત કરવામાં આવેલ ભરવા અને પેકિંગ કરવા માટેના કોઈ વધારાના મશીનની વિગતો, સદરહુ રજિસ્ટર થયેલ વ્યક્તિએ, આવી સ્થાપનાના ૨૪ કલાકની અંદર, ઈલેક્ટ્રિનિક રીતે કોમન પોર્ટલ પર, નમૂના એસઆરએમ-૨ક-માં પૂરી પાડવી જોઈશે.

(૪) નમૂના એસઆરએન-૧ અથવા નમૂના એસઆરએમ-૨ક-માં આવી વિગતો પૂરી પાડ્યેથી, દરેક મશીન માટે એક યુનિક આઈડી જનરેટ થશે, જેની વિગતો રજિસ્ટર થયેલ વ્યક્તિએ કોમન પોર્ટલ પર પૂરી પાડવી જોઈશે.

(૫) સદરહુ રજિસ્ટર થયેલ વ્યક્તિએ, તેના ઉત્પાદન એકમની અથવા તેના મશીનોની ઉત્પાદન ક્ષમતા, અન્ય કોઈ સરકારી વિભાગને અથવા અન્ય કોઈ એજન્સી અથવા સંસ્થાને રજૂ કરેલ હોય અથવા જાહેર કરેલ હોય તેવા કિસ્સામાં, તે વિગતો, સદરહુ રજિસ્ટર થયેલ વ્યક્તિએ, સદરહુ ક્ષમતા જાહેર કર્યાના અથવા રજૂ કર્યાના પંદર દિવસની અંદર, કોમન પોર્ટલ પર, નમૂના એસઆરએમ-૧ક-માં પૂરી પાડવી જોઈશે.

પરંતુ સદરહુ રજિસ્ટર થયેલ વ્યક્તિએ, આ જાહેરનામું બહાર પડ્યા પહેલાં, તેના ઉત્પાદન એકમની અથવા તેના મશીનોની ઉત્પાદન ક્ષમતા, અન્ય કોઈ સરકારી વિભાગને અથવા અન્ય કોઈ એજન્સી અથવા સંસ્થાને રજૂ કરેલ હોય અથવા જાહેર કરેલ હોય, ત્યારે તે વિગતો, સદરહુ રજિસ્ટર થયેલ વ્યક્તિએ, આ જાહેરનામું બહાર પડ્યાના ત્રીસ દિવસની અંદર, કોમન પોર્ટલ પર, નમૂના એસઆરએમ-૧ક-માં પૂરી પાડવી જોઈશે.

નમૂનો એસઆરએમ-૧ક

અનુક્રમાંક	સરકારી વિભાગ/અન્ય કોઈ એજન્સી અથવા સંસ્થાનું નામ	એકરાર/નિવેદનનો પ્રકાર	એકરાર/નિવેદનની વિગતો
(૧)	(૨)	(૩)	(૪)
		<<એકરારની નકલ પોર્ટલ પર અપલોડ કરવી>>	

નમૂનો એસઆરએમ-૨ક

(વધારાની મશીન (મશીનો) સ્થાપિત કર્યાની વિગતો)

અનુક્રમાંક	મશીનની બનાવટ અને મોડલ નંબર (ઉત્પાદકના નામ સહિત)	મશીનની ખરીદ તારીખ	મશીન સ્થાપિત કર્યાની તારીખ	(મશીન) જ્યાં સ્થાપિત કર્યું હોય તે ધંધાના સ્થળનું સરનામું	ટ્રેકની સંખ્યા	દરેક ટ્રેકની કુલ પેકિંગ ક્ષમતા	મશીનની કુલ પેકિંગ ક્ષમતા	દર કલાકે મશિન દ્વારા વપરાતી વીજળી	સહાયક દસ્તાવેજો	મશીનની યુનિક આઈડી (ઓટો પોપ્યુલેટેડ થશે)
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)	(૧૦)	(૧૧)
									<<ચાર્ટડ એન્જિનિયર પાસેથી મેળવેલું ક્ષમતા પ્રમાણપત્ર (કેપેસીટી સર્ટીફિકેટ) >>	

(૬) ધંધાના રજિસ્ટર થયેલ સ્થળમાંથી દૂર કરેલા વિદ્યમાન ભરવાના અને પેકિંગના મશીનની વિગતો, સદરહુ રજિસ્ટર થયેલ વ્યક્તિએ, મશીન આવી રીતે દૂર કર્યાના ૨૪ કલાકની અંદર, ઇલેક્ટ્રિનિક રીતે કોમન પોર્ટલ પર, નમૂના એસઆરએમ-૨ખ-માં પૂરી પાડવી જોઇશે.

નમૂનો એસઆરએમ-૨ખ

(વિદ્યમાન મશીન (મશીનો) દૂર કર્યાની વિગતો)

અનુક્રમાંક	મશીનની યુનિક આઈડી	મશીનની બનાવટ અને મોડલ નંબર (ઓટો પોપ્યુલેટેડ થશે)	મશીનની ખરીદ તારીખ (ઓટો પોપ્યુલેટેડ થશે)	જ્યાંથી મશીન દૂર કરવામાં આવ્યું હોય તે ધંધાના સ્થળનું સરનામું (ઓટો પોપ્યુલેટેડ થશે)	ટ્રેકની સંખ્યા (ઓટો પોપ્યુલેટેડ થશે)	દરેક ટ્રેકની કુલ પેકિંગ ક્ષમતા (ઓટો પોપ્યુલેટેડ થશે)	મશીનની કુલ પેકિંગ ક્ષમતા (ઓટો પોપ્યુલેટેડ થશે)	(મશીન) દૂર કર્યાની તારીખ	મશીનને દૂર/નિકાલ કરવાનું કારણ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)	(૧૦)
									<<તૃતીય પક્ષકારને વેચાણ >> <<ભંગાર>>

૨. અનુસૂચિમાં દર્શાવેલ માલનું ઉત્પાદન કરતી રજિસ્ટર થયેલ વ્યક્તિઓ દ્વારા નિભાવવાના વધારાના રેકર્ડ

(૧) ધંધાના દરેક સ્થળે, અનુસૂચિમાં દર્શાવેલ માલનું ઉત્પાદન કરતી દરેક રજિસ્ટર થયેલ વ્યક્તિએ, ઉત્પન્ન થયેલા કચરાની વિગતો સહિત જથ્થા અને મૂલ્યના રૂપમાં ઉપલભ્ય અને વપરાયેલ સામગ્રીના દૈનિક રેકર્ડની સાથે-સાથે વીજળીના મીટરો અને જનરેટર સેટ મીટરોના રીડિંગનો દૈનિક રેકર્ડ, નમૂના એસઆરએમ-૩ક-માં નિર્દિષ્ટ કરેલ ફોર્મેટમાં રાખવો જોઇશે.

(૨) વધુમાં, ધંધાના દરેક સ્થળે, સદરહુ રજિસ્ટર થયેલ વ્યક્તિએ, દૈનિક પાળી મુજબ, જથ્થા અને મૂલ્યના રૂપમાં, મશીન મુજબ ઉત્પાદન, પેદાશ મુજબ અને બ્રાન્ડ મુજબ વેચાણની વિગતો, નમૂના એસઆરએમ-૩ખ-માં નિર્દિષ્ટ કરેલ ફોર્મેટમાં રાખવી જોઈશે.

નમૂનો એસઆરએમ-૩ક (SRM-IIIA)

ઇનપુટ્સ રજિસ્ટર

દિવસ ૧	**ઇનપુટનો એચએસએન (HSN)**	**ઇનપુટનું વર્ણન**	**યુનિટ જથ્થો**	**ઊઘડતી સિલક (યુનિટમાં)**	**મેળવેલો જથ્થો (યુનિટમાં)**	**મેળવે-લો જથ્થો (રૂ.માં મૂલ્ય (કિંમત))**	**વાપરેલો જથ્થો (યુનિટમાં)**	**બંધ થતી સિલક (યુનિટમાં)**	**સદરહુ ઇનપુટના સંબંધમાં ઉત્પન્ન થયેલ બગાડ (જથ્થો) (યુનિટમાં)**
	(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)
	એચએસએન (HSN) ૧								
	એચએસએન (HSN) ૨								
	એચએસએન (HSN) ૩								
	. . .								
	એચએસએન એન(HSNn)								
દિવસ ૨									
દિવસ ૩									
. . .									
મહિના-નો છેલ્લો દિવસ									

દિવસ ૧	ઇલેક્ટ્રીસિટી રીડિંગ					
	ઇલેક્ટ્રીસિટી મીટર રીડિંગ			જનરેટર સેટ મીટર રીડિંગ		
	શરૂઆતનું મીટર રીડિંગ	આખરી મીટર રીડિંગ	વપરાશ (કિડબલ્યુએચ) (kwH)	શરૂઆતનું મીટર રીડિંગ	આખરી મીટર રીડિંગ	વપરાશ (કિડબલ્યુએચ) (kwH)
	(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

દિવસ ૨						
. . .						
મહિનાનો છેલ્લો દિવસ						

નમૂનો એસઆરએમ-ઉખ (SRM-IIIB)

ઉત્પાદન રજિસ્ટર

દિવસ ૧		**બ્રાન્ડ B1**										**બ્રાન્ડ B2**	**બ્રાન્ડ Bn**
		મશીન M1 (મશીનનો યુનિક આઈડી દર્શાવો)							**M 2**	**M n**	**તમામ મશીનો નો કુલ સરવાળો**	. . . . .	. . . . .
		પેક કરેલા પાઉચ P1ની કુલ સંખ્યા	**પાઉચP1 ની એકમ કિંમત**	**પેક કરેલા પાઉ-ચ P1નું કુલ મૂલ્ય (કિંમત) (વી૧) (૩.માં)**	**પેક કરેલા પાઉચ... . Pnની કુલ સંખ્યા**	**પેક કરેલા પાઉચ... . Pnની કિંમત**	**પેક કરેલા પાઉચ Pnની કુલ કિંમ-ત (વીએન) (૩.માં)**	**મશીન એમ૧ દ્વારા પેક કરેલા પાઉચની કુલ સંખ્યા (P1+P2+Pn)**	**મશીન એમ૧ દ્વારા પેક કરેલા પાઉચની કુલ કિંમત (૩.માં) (V1+V2+....Vn)**	**...**	**....**	**તમામ મશીનો દ્વારા બ્રાન્ડ B1નું કુલ ઉત્પા-દન મૂલ્ય (૩.)**		
	શિફ્ટ ૧ ૦૦:૦૦ થી ૦૦:૦૦ કલાક													
	શિફ્ટ ૧ ૦૦:૦૦ થી ૦૦:૦૦ કલાક													
	શિફ્ટ ૧ ૦૦:૦૦ થી ૦૦:૦૦ કલા-ક													
	દિવ-સ૧ માટેનો કુલ સર-વાળો													

દિવસ ૨														
મહિ-ના ના દિવસો														
	મહિનાનો કુલ સરવાળો													

૩. ખાસ માસિક પત્રક

(૧) સદરહુ રજિસ્ટર થયેલી વ્યક્તિએ, આવા મહિના પછીના મહિનાની દસમી તારીખે અથવા તે પહેલાં કોમન પોર્ટલ ઉપર નમૂના એસઆરએમ-૪માં દરેક મહિના માટે ખાસ પત્રક રજૂ કરવું જોઈશે.

નમૂના એસઆરએમ-૪

અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા માલના ઉત્પાદકે વાપરેલા ઈનપુટ અને ઉત્પાદન કરેલા આખરી માલનું માસિક પત્રક

ભાગ-ક

	ઈનપુટનો એચએસએન (HSN)	**ઈનપુટનું વર્ણન**	**યુનિટ જથ્થો**	**ઊઘડતી સિલક (યુનિટમાં)**	**મેળવેલો જથ્થો (યુનિટમાં)**	**મેળવે-લો જથ્થો (રૂ.માં કિંમત)**	**વાપરેલો જથ્થો (યુનિટમાં)**	**બંધ થતી સિલક (યુનિટમાં)**	**ઉત્પન્ન થયેલ બગાડ (જથ્થો) (યુનિટમાં)**
	(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)
મહિનાનો કુલ સરવાળો	એચએસએન (HSN) ૧								
	એચએસએન (HSN) ૨								
	એચએસએન (HSN) ૩								
	. . .								
	એચએસએન એન (HSNn)								

મહિનાનો કુલ સરવાળો	ઈલેક્ટ્રીસિટી રીડિંગ					
	ઈલેક્ટ્રીસિટી મીટર રીડિંગ			ડીજી સેટ મીટર રીડિંગ		
	મહિનાના ૧લા દિવસે શરૂઆતનું મીટર રીડિંગ	મહિનાના છેલ્લા દિવસે આખરી મીટર રીડિંગ	વપરાશ (કેડબલ્યુએચ) (kwH)	મહિનાના ૧લા દિવસે શરૂઆતનું મીટર રીડિંગ	મહિનાના છેલ્લા દિવસે આખરી મીટર રીડિંગ	વપરાશ (કેડબલ્યુએચ) (kwH)
	(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

માલના ઉત્પાદનનું પત્રક

ભાગ-ખ

		બ્રાન્ડ B1										બ્રાન્ડ B2	બ્રાન્ડ Bn
		મશીન M1 (મશીનનો યુનિક આઈડી દર્શાવો)							M2	Mn	તમામ મશીનોનો કુલ સરવાળો	.	.
દિવસ ૧		પેક કરે-લા પાઉચ P1 ની કુલ સં-ખ્યા	પાઉ-ચ P1ની એમઆર પી કિંમ-ત	પેક કરે-લા પાઉ-ચ P1ની કુલ કિંમ-ત (V1) (રૂ.માં)	પેક કરેલા પાઉચ....Pnની કુલ સંખ્યા	પેક કરેલા પાઉચ....Pnની કિંમત	પેક કરેલા પાઉચ Pnની કુલ કિંમત (Vn) (રૂ.માં)	મશીન M1 દ્વારા પેક કરેલા પાઉચની કુલ સંખ્યા (P1+P2+Pn)	મશીન M1 દ્વારા પેક કરેલા પાઉચની કુલ કિંમત (રૂ.માં) (V1+V2+..Vn)	...	....	તમામ મશી-નો દ્વારા બ્રાન્ડ B1નું કુલ ઉત્પાદ-ન મૂલ્ય (રૂ.)	.	.
	મહિનાનો કુલ સરવાળો												

અનુસૂચિ

અનુક્રમાંક	પ્રકરણ/શીર્ષક/પેટા-શીર્ષક/ટેરિફ વસ્તુ	માલનું વર્ણન
(૧)	(૨)	(૩)
૧.	૨૧૦૬ ૯૦ ૨૦	પાન-મસાલા
૨.	૨૪૦૧	બ્રાન્ડ નામ ધરાવતી - અનુત્પાદિત તમાકુ (લાઈમ ટ્યુબ સિવાય)
૩.	૨૪૦૧	બ્રાન્ડ નામ ધરાવતી - અનુત્પાદિત તમાકુ (લાઈમ ટ્યુબ સાથે)
૪.	૨૪૦૧ ૩૦ ૦૦	બ્રાન્ડ નામ ધરાવતી - તમાકુ રેફ્યુઝ
૫.	૨૪૦૩ ૧૧ ૧૦	બ્રાન્ડ નામ ધરાવતા 'હૂકા' અથવા 'ગુડાકુ'
૬.	૨૪૦૩ ૧૧ ૧૦	બ્રાન્ડ નામ ધરાવતી ન હોય તેવી સામાન્ય રીતે 'હૂકા' તમાકુ અથવા 'ગુડાકુ' તરીકે ઓળખાતી 'હૂકા' અથવા 'ચિલમ' પીવા માટે વપરાતી તમાકુ
૭.	૨૪૦૩ ૧૧ ૯૦	બ્રાન્ડ નામ ધરાવતી ન હોય તેવી અન્ય વૉટર પાઈપ સ્મોકિંગ તમાકુ

અનુક્રમાંક	પ્રકરણ/શીર્ષક/પેટા-શીર્ષક/ટેરિફ વસ્તુ	માલનું વર્ણન
૮.	૨૪૦૩ ૧૯ ૧૦	પાઈપ્સ (ચલમ) અને સિગારેટ્સ માટેનું સ્મોકિંગ મિક્ષ્ચર
૯.	૨૪૦૩ ૧૯ ૯૦	બ્રાન્ડ નામ ધરાવતી અન્ય સ્મોકિંગ તમાકુ
૧૦.	૨૪૦૩ ૧૯ ૯૦	બ્રાન્ડ નામ ધરાવતી ન હોય તેવી અન્ય સ્મોકિંગ તમાકુ
૧૧.	૨૪૦૩ ૯૧ ૦૦	બ્રાન્ડ નામ ધરાવતી "હોમોજનાઈઝ્ડ" અથવા "રિકન્સ્ટિટ્યુટ્ડ" તમાકુ
૧૨.	૨૪૦૩ ૯૯ ૧૦	ચ્યુઈંગ (ચાવવાની) તમાકુ (લાઈમ ટ્યુબ સિવાય)
૧૩.	૨૪૦૩ ૯૯ ૧૦	ચ્યુઈંગ (ચાવવાની) તમાકુ (લાઈમ ટ્યુબ સાથે)
૧૪.	૨૪૦૩ ૯૯ ૧૦	ફિલ્ટર ખૈની
૧૫.	૨૪૦૩ ૯૯ ૨૦	ચ્યુઈંગ (ચાવવાની) તમાકુ ધરાવતી બનાવટો
૧૬.	૨૪૦૩ ૯૯ ૩૦	જર્દા સેન્ટેડ તમાકુ
૧૭.	૨૪૦૩ ૯૯ ૪૦	સ્નફ
૧૮.	૨૪૦૩ ૯૯ ૫૦	સ્નફનો સમાવેશ કરતી બનાવટો
૧૯.	૨૪૦૩ ૯૯ ૬૦	બ્રાન્ડ નામ ધરાવતી તમાકુનો સાર (સત્વ) (એક્સટ્રેટ) અને તત્વ (એસેન્સ)
૨૦.	૨૪૦૩ ૯૯ ૬૦	બ્રાન્ડ નામ ધરાવતી ન હોય તેવી તમાકુનો સાર (સત્વ) (એક્સટ્રેટ) અને તત્વ (એસેન્સ)
૨૧.	૨૪૦૩ ૯૯ ૭૦	કટ તમાકુ
૨૨.	૨૪૦૩ ૯૯ ૯૦	તમાકુ 'ગુટખા' ધરાવતા પાન મસાલા
૨૩.	૨૪૦૩ ૯૯ ૯૦	બ્રાન્ડ નામ ધરાવતા, તમાકુ 'ગુટખા' ધરાવતા પાન મસાલા સિવાયનો તમામ માલ
૨૪.	૨૪૦૩ ૯૯ ૯૦	બ્રાન્ડ નામ ધરાવતા ન હોય તેવી, તમાકુ 'ગુટખા' ધરાવતા પાન મસાલા સિવાયનો તમામ માલ

૨. આ જાહેરનામું સન ૨૦૨૩ના જુલાઇ મહિનાની ૩૧મી તારીખે બહાર પાડ્યું હોવાનું ગણાશે.

સ્પષ્ટીકરણ.-

(૧) આ અનુસૂચિમાં, "ટેરિફ વસ્તુ", "શીર્ષક", "પેટા-શીર્ષક" અને "પ્રકરણ"નો અર્થ, કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫ (સન ૧૯૭૫ના ૫૧મા)ની પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે અનુક્રમે ટેરિફ વસ્તુ, શીર્ષક, પેટા-શીર્ષક અથવા પ્રકરણ થશે.

(૨) સદરહુ કસ્ટમ્સ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫ની પ્રથમ અનુસૂચિની કલમ અને પ્રકરણ નોંધો અને સામાન્ય સ્પષ્ટીકરણ નોંધો સહિત પ્રથમ અનુસૂચિના અર્થઘટન માટેના નિયમો, શક્ય હોય તેટલે સુધી આ જાહેરનામાના અર્થઘટનને લાગુ પડશે.

(૩) આ જાહેરનામાના હેતુઓ માટે, "બ્રાન્ડ નામ" એ શબ્દપ્રયોગ એટલે એવા નિર્દિષ્ટ માલ અને તે વ્યક્તિની ઓળખના કોઈ નિર્દેશ સાથે અથવા તેના વગર એવા નામ અથવા ચિહ્નનો ઉપયોગ કરતી અમુક વ્યક્તિ વચ્ચેના વેપાર દરમિયાન જોડાણ સૂચવવાના હેતુથી અથવા જોડાણ સૂચવી શકાય તે માટે આવા નિર્દિષ્ટ માલના સંબંધમાં વાપરવામાં આવતો હોય તેવો સિમ્બોલ, મોનોગ્રામ, લેબલ, સિગ્નેચર અથવા ઈન્વેન્ટેડ શબ્દ અથવા લખાણ જેવું કહી શકાય તેવું નામ અથવા ચિહ્ન, રજિસ્ટર હોય અથવા ન હોય તેવું બ્રાન્ડ નામ અથવા ટ્રેડ નામ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલિપ ઠાકર,

સરકારના સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.02.02 13:57:51 IST